અંદાજપત્ર ૨૦૧૦–૨૦૧૧(આયોજન) –
સીડીપી–૩ યોજના હેઠળ હાલોલ તાલુકા
પંચાયતનું નવુ મકાન બનાવવા તથા જુની,
માઈનસ સ્વભંડોળ ધરાવતી જિલ્લા/તાલુકા
પંચાયતોના મકાન રીપેરીંગ/બાંધકામ માટે
અનુદાન મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૦૨૦૧૦–ન.બા.૧–જ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૩–૭–૨૦૧૦

<u>વંચાણે લીધાઃ–</u>

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પંચમહાલનો પત્ર ક્રમાંકઃ જા–નં.ડીઈવી–આવાસ–વશી – ૨૦૦૮ –૦૯, તા.૫–૯–૨૦૦૮

(૨) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્રકઃ વિક–પંચાયત–યુ.૩–વશી–૧૦૪૫–૧૦૪૬–૦૮,તા.૨૩–૯–૨૦૦૮

(૩) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્રકઃ વિક–પંચાયત–૩–વશી–૨૬૮–૦૯ ,તા.૧૬–૫–૨૦૦૯

(૪) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો પત્ર ક્રઃઘસપ–૨૦૦૬–મંત્રી –૧૫–જ, તા.૪–૬–૨૦૦૯

(૫) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્રકઃ ડીસી–સીએઓ–યુ.૬–૨૦૧૦ તા.૨૫–૧–૨૦૧૦

<u>ઠરાવ : –</u>

રાજયની નવીન જિલ્લા/તાલુકા પંચાયતોના માળખાને સંગીન બનાવવા માટે સીડીપી–૩ "ની" યોજના અમલમાં મુકેલ છે, જે અંતર્ગત જિલ્લા/તાલુકા પંચાયતોને તેમની કચેરીના મકાનો, અધિવેશન માટેના સભાખંડો, કર્મચારી આવાસો બાંધવા તેમજ કચેરીનું ફર્નિચર અને વાહન જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે રાજય સરકાર ધ્વારા નાણાકિય સહાય/ગ્રાન્ટ આપવામાં આવે છે. માત્ર વિભાજનને કારણે નવીન રચાતી જિલ્લા/તાલુકા પંચાયતોને જ આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. રાજયની જુની જિલ્લા/તાલુકા પંચાયતો ઉપર જણાવેલ સુવિધાઓ તેમના સ્વભંડોળમાંથી ખર્ચ કરી ઉભી કરે છે. પરંતુ, રાજયની કેટલીક એવી પણ જિલ્લા/તાલુકા પંચાયતો છે કે જેમનું સ્વભંડોળ માઈનસ અથવા અપૂરતુ છે. જેના કારણે તેઓ તેમની જરૂરી સુવિધાઓ સ્વયં પોતાના સ્વભંડોળમાંથી ઉભી કરી શકે તેમ નથી. હાલોલ તાલુકા પંચાયત કચેરી પણ જુની તાલુકા પંચાયત છે, જેનું મકાન ઘણું જુનુ અને જર્જરીત હોવાના કારણે તાલુકા પંચાયત કચેરીના કર્મચારીગણને બેસવા લાયક નથી.

તેથી તાલુકા પંચાયત, હાલોલની કચેરીનું નવુ મકાન બાંધવુ અનિવાર્ય છે. તાલુકા પંચાયત, હાલોલ પાસે પૂરતુ સ્વભંડોળ ન હોવાથી કચેરીનું બાંધકામ થઈ શકે તેમ નહી હોવાથી પંચમહાલ જિલ્લાના મહાનુભાવો ધ્વારા સરકારી ખર્ચે/સરકારી સહાયથી તાલુકા પંચાયત, હાલોલની કચેરીનું નવુ મકાન બનાવવા સરકાર કક્ષાએ અવાર નવાર રજુઆતો કરાતાં અને ઉપર જણાવેલ વિગતે તાલુકા પંચાયતનું સ્વભંડોળ માઈનસ હોવાથી, તાલુકા પંચાયત, હાલોલની કચેરી માટે સરકારી ગ્રાન્ટથી મકાન બનાવવા વર્ષ ૨૦૧૦–૧૧ ના અંદાજપત્રમાં બજેટ જોગવાઈ કરવા રાજય સરકાર ધ્વારા નિર્ણય કરવામાં આવેલ છે, જેના અનુંસંધાને તાલુકા પંચાયત, હાલોલની કચેરીનું નવુ મકાન બનાવવા માટે તેમજ રાજયની અન્ય જુની જિલ્લા/તાલુકા પંચાયતો કે જેમનું સ્વભંડોળ માઈનસ છે. તેવી પંચાયતો માટે મકાન રીપેરીગ માટે રૂા.૧૦.૦૦ કરોડની જોગવાઈ ચાલુ વર્ષે અંદાજપત્રમાં કરવામાં આવેલ. જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આ નવી બાબત અંગે નીચેની જોગવાઈઓ/ શરતોને આધિન રહીને ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે:

૧. હાલોલ તાલુકા પંચાયતનું મકાન જર્જરીત થઈ ગયેલ હોવાથી તેમજ હાલોલ તાલુકા પંચાયત પાસે મકાન બાંધકામ માટે પૂરતુ સ્વભંડોળ ન હોવાના કારણે હાલોલ તાલુકા પંચાયતની કચેરીનું નવુ મકાન બાંધવા માટે રજુ કરેલ નકશા અને અંદાજોને ધ્યાને લઈ, રૂા.૯૦.૦૦ લાખની ગ્રાન્ટ ખાસ કિસ્સામાં વર્ષ ૨૦૧૦–૧૧ ના અંદાજપત્રમાં આ હેતુ માટે થયેલ રૂા.૧૦.૦૦ કરોડની જોગવાઈમાંથી મંજુર કરવામાં આવે છે.આ કામ માટે વિગતવાર ગ્રાન્ટ ફાળવણીના હુકમો, વિકાસ કમિશ્નરશ્રીએ આ યોજના અન્વયે રાજય સરકાર ધ્વારા તેમના હવાલે મુકેલ ગ્રાન્ટમાંથી કરવાના રહેશે.

૨. <u>અન્ય જુની જિલ્લા/તાલુકા પંચાયતોના મકાન રીપેરીગ/બાંધકામ માટે નીચે સૂચવ્યા મુજબની અનુદાનની યોજના/નીતિ નકકી કરવામાં આવે છે.</u>

<u>(અ) જુની જિલ્લા/તાલુકા પંચાયતોના મકાનોને રીપેરીગ/બાંધકામ માટે અનુદાનની યોજના.</u>

(૧) જે જુની જિલ્લા/તાલુકા પંચાયતોના મકાનો જર્જરીત થઈ ગયેલ છે અને જેમનું સ્વભંડોળ રીપેરીગ/બાંધકામ માટે પૂરતુ નથી તેવી પંચાયતોને આ યોજના હેઠળ નાણાકિય સહાય મળી શકશે.

(૨) જિલ્લા/તાલુકા પંચાયતની સ્વભંડોળની આવક એટલે સંબંધિત જિલ્લા /તાલુકા પંચાયતની વાર્ષિક આવક કે જે રકમ સંબંધિત જિલ્લા/તાલુકા પંચાયતના અંદાજપત્રમાં દર્શાવેલ હોય, અને તે રકમને વિકાસ કમિશ્નર કચેરીના મુખ્ય હિસાબી અધિકારી ધ્વારા પ્રમાણીત કરેલી હોય તે રકમ.

(૩) જે જિલ્લા/તાલુકા પંચાયતના સ્વભંડોળની વાર્ષિક આવક અનુક્રમે રૂા.૫૦.૦૦ લાખ અને ૨૦.૦૦ લાખથી ઓછી છે તેમને રીપેરીગ કામના ખર્ચ પેટે અનુક્રમે રૂા.૨૫.૦૦ અને રૂા.૧૫.૦૦ લાખનું અનુદાન મંજુર કરવામાં આવશે.

(૪) જે જિલ્લા/તાલુકા પંચાયતનું મકાન રીપેરીગ કરવાનું છે તે મકાનના રીપેરીગ કામના નકશા અને અંદાજો સક્ષમ કક્ષાએ મંજુર કરેલા હોવા જોઈશે.

(૫) જે તે જિલ્લા/તાલુકા પંચાયતના મકાન રીપેરીંગની કામગીરી પૂર્ણ થયા બાદ રીપેરીગની કામગીરી નિયત થયેલ ધોરણો પ્રમાણે થયેલ છે તે મતલબનું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારીએ રાજય સરકાર/વિકાસ કમિશ્નરશ્રીને રજુ કરવાનું રહેશે.

(૨) <u>જે જુના જિલ્લા/તાલુકા પંચાયતોના મકાનો રીપેરીંગ કરીને ચલાવી શકાય તેમ નથા તેવી જિલ્લા/તાલુકા પંચાયતોના બાંધકામ માટે અનુદાનની યોજના.</u>

(૧) જે જિલ્લા/તાલુકા પંચાયતોની સ્વભંડોળની વાર્ષિક આવક અનુક્રમે રૂા.૧.૦૦ કરોડ અને રૂા.૫૦.૦૦ લાખથી ઓછી છે તેવી જિલ્લા/તાલુકા પંચાયતની કચેરીના મકાનના બાંધકામ/હયાત મકાનમાં વધારાની સગવડ ઉભી કરવા માટે અનુક્રમે રૂા.૧.૦૦ કરોડ અને રૂા.૪૦.૦૦ લાખની મર્યાદામાં અનુદાન મંજુર કરવામાં આવશે.

(૨) જે જિલ્લા/તાલુકા પંચાયતના મકાનો સંપૂર્ણ રીતે જર્જરીત થઈ ગયેલ છે અને રીપેરીગ થઈ શકે તેવા નથી તેવી જિલ્લા/તાલુકા પંચાયતો માટે અનુક્રમે રૂા.૪.૦૦ કરોડ અને ૮૦.૦૦ લાખની મર્યાદામાં <u>અથવા</u> માર્ગ અને મકાન વિભાગના એસઓઆર મુજબ જે રકમના અંદાજો નકકી થાય તે બેમાંથી જે રકમ ઓછી હોય તેની મર્યાદામાં રકમ મંજુર કરવામાં આવશે. આ અનુદાનની રકમ ત્રણ તબકકે એટલે કે પ્રથમ **૨૫ ટકા** , બાંધકામ પ્લીન્થ લેવલે આવે ત્યારે બીજા **૫૦ ટકા** અને છેલ્લે **૨૫ ટકા** લેખે અનુદાનની ફાળવણી કરવામાં આવશે. મકાન બાંધકામની કામગીરી ત્રણ વર્ષની અંદર પૂર્ણ કરવાની રહેશે.

(૩) આ યોજના હેઠળ લાભ મેળવવા માટે સંબંધિત જિલ્લા/તાલુકા પંચાયતે તેમનું જુનુ મકાન રીપેરીગને પાત્ર નથી તેવુ સર્ટીફિકેટ માર્ગ અને મકાન વિભાગ ઘ્વારા અધિકૃત કરેલ સક્ષમ સત્તા અધિકારી આપે તે પછી જ વિચારણાને પાત્ર ઠરશે.

(૪) મકાનના નકશા અને અંદાજો રાજય સરકારે –માર્ગ અને મકાન વિભાગ ઘ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારી ઘ્વારા બનાવેલા અને પ્રમાણીત કરેલા હોવા જોઈશે.

(૫) આવેલ માંગણીઓ પૈકી સૌથી વધુ જરૂરીયાતવાળી અને અલ્પવિકસીત–પછાત વિસ્તાર ધરાવતી જિલ્લા/તાલુકા પંચાયતોને અનુદાનની રકમની ફાળવણીમાં સરકાર કક્ષાએથી પ્રાથમિકતા આપવામાં આવશે.

(૬) ઉપર જણાવેલ શરતો પરીપૂર્ણ કરતી હોય તેવી જિલ્લા/તાલુકા પંચાયતોને રાજય સરકાર પાસે ઉપલબ્ધ ગ્રાન્ટની મર્યાદામાં અનુદાન મંજુર કરવામાં આવશે. આ અનુદાન જિલ્લા/તાલુકા પંચાયતને અધિકારની રૂએ મળવાપાત્ર ઠરશે નહિ પરંતુ, રાજય સરકાર જાહેરહિતમાં, વહીવટી સુગમતાને ઘ્યાને લઈ, માંગણીવાળી જે તે જિલ્લા / તાલુકા પંચાયતને અનુદાન આપવા અંગે નિર્ણય કરશે.

૩. આ અંગેનું ખર્ચ સન ૨૦૧૦–૨૦૧૧ ના અંદાજપત્રમાં સામાન્ય દરે " માંગણી નં.૭૦ મુખ્ય સદર–૨૫૧૫– અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ–પેટા સદર–૧૦ (સીડીપી–૩) તાલુકા જિલ્લા પંચાયતોનું વહીવટી તંત્ર સંગીન બનાવવું (આયોજન) " હેઠળ થયેલ રૂા.૧૬.૫૦ કરોડની જોગવાઈમાં રૂા.૧૦.૦૦ કરોડની નવી બાબત તરીકે કરેલ જોગવાઈ કરેલ છે તથા આદિજાતિ સદરે માંગણી નં.૯૪–મુખ્ય સદર–૨૫૧૫–અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ–

૭૯૬૦– આદિજાતિ વિસ્તાર પેટા યોજના (૧) સીડીપી–૩ તાલુકા/જિલ્લા પંચાયતોનું વહીવટી માળખુ સંગીન બનાવવું(આયોજન)" હેઠળ રૂા.૩.૪૦ લાખની જોગવાઈમાંથી કરવાનું રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૯–૪–૨૦૧૦ તથા રાજ્ય સરકારશ્રીની તા.૨૪–૬–૨૦૧૦ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.આર.ભગોરા)
ઉપસચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પ્રતિ,
–માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
–માન.મંત્રશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
–માન. મંત્રીશ્રી, પંચાયતના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
–અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
–અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
–વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર
–જિલ્લા વિકાસ અધિકારીશ્રી; જિલ્લા પંચાયત, પંચમહાલ–ગોધરા
–સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
–એકાઉન્ટન્ટ જનલરશ્રી, રાજકોટ/અમદાવાદ
–નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
–સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
–પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
–બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
–નાણા શાખા
–શાખા સિલેકટ ફાઈલ
–નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ